અપીલ અરજી નં.૨૧૧ તા.૮–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૮–૦૯ નીઅરજીથી (૧) સુ.મ.પા.ના શહેર વિકાસ વિભાગ પાસે નવુ બાંધકામ કરવા માટે અથવા જુની મિલકત ઉતારીને બાંધકામ કરવા માટે કોઈપણ કરદાતા અથવા નાગરીક પ્લાન મંજુર કરાવે ત્યારે નાગરીક પાસે જરૂરી રસ્તા રોકાણ ચાર્જ તેમજ જરૂરી ડીપોઝીટ ભરાવવામાં આવે છે. આ બાંધકામ કમ્પલીટ થઈ ગયા બાદ સુ.મ.પા. પાસે ભરવામાં આવેલ ડીપોઝીટ પરત લેવા માટે બાંધકામ કરનારે વસવાટની પરવાનગી લેવી જરૂરી છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૮–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૧૧/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૮–૦૯ નીઅરજીથી (૧) સુ.મ.પા.ના શહેર વિકાસ વિભાગ પાસે નવુ બાંધકામ કરવા માટે અથવા જુની મિલકત ઉતારીને બાંધકામ કરવા માટે કોઈપણ કરદાતા અથવા નાગરીક પ્લાન મંજુર કરાવે ત્યારે નાગરીક પાસે જરૂરી રસ્તા રોકાણ ચાર્જ તેમજ જરૂરી ડીપોઝીટ ભરાવવામાં આવે છે. આ બાંધકામ કમ્પલીટ થઈ ગયા બાદ સુ.મ.પા. પાસે ભરવામાં આવેલ ડીપોઝીટ પરત લેવા માટે બાંધકામ કરનારે વસવાટની પરવાનગી લેવી જરૂરી છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/૮૧૪ તા.૧૬–૯–૦૯ થી આપેલ જવાબ તદન ખોટો તેમજ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૮૧ તા.૧૬–૧૦–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આજ દિન સુધી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૦–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સી.ઝેડ/આરટીઆઈ/૮૧૪ તા.૧૬–૯–૦૯ થી અરજદારને માંગેલ માહિતીની નિર્દિષ્ટ જણાવ્યા અનુસારના મુદ્દાસર માહિતી આપવામાં આવેલ છે. (૧) સુ.મ.પા.ના શહેર વિકાસ વિભાગ પાસે નવુ બાંધકામ કરવા માટે અથવા જુની મિલકત ઉતારીને બાંધકામ કરવા માટે કોઈપણ કરદાતા અથવા નાગરીક પ્લાન મંજુર કરાવે ત્યારે નાગરીક પાસે જરૂરી રસ્તા રોકાણ ચાર્જ તેમજ જરૂરી ડીપોઝીટ ભરાવવમાં આવે છે. આ બાંધકામ કમ્પલીટ થઈ ગયા બાદ સુ.મ.પા. પાસે ભરવામાં આવેલ ડીપોઝીટ પરત લેવા માટે બાંધકામ કરનારે વસવાટની પરવાનગી લેવી જરૂરી છે.જે અંગે જાહેર માહિતી અધિકારીએ પ્લાન મંજુર કરાવતી વખતે ભરપાઈ કરવામાં આવતી ડીપોઝીટો પરત મેળવવા વસવાટની પરવાનગી રજૂ કરવી જરૂરી છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલના આધાર મુદ્દા નં ૧ તરીકે પ્લાન મંજુર કરાવતી વખતે જે ડીપોઝીટ ભરવામાં આવે છે તે પાછી મેળવવા બીપીએમસી એકટમાં કોઈ જોગવાઈ ન હોય તો સુરત મહાનગરપાલિકા જે પ્લાન મંજુર કરતી વખતે જે ડીપોઝીટ ભરે છે જે આપોઆપ બાંધકામ થઈ ગયા બાદ ડીપોઝીટ પાછી મેળવવા હકદાર બને છે. જેના માટે વસવાટની પરવાનગીની જરૂર જણાતી નથી. જે અંગે અરજદારે માહિતી સંદર્ભે નારાજગી કે વાજબીપણાનો આધાર નહીં પણ અપીલ તબકકે સૂચન કરેલ છે. મુદ્દા નં.(૨) સુ.મ.પા પાસે બાંધકામ કરવા માટે જરૂરી પ્લાન મંજુર કરાવી બાંધકામ કરવામાં આવે અને બાંધકામ પુરું થઈ ગયા બાદ સુરત મહાનગરપાલિકા પાસે જરૂરી વસવાટની પરવાનગી લેવામાં ન આવે તો શું સુરત મહાનગરપાલિકાના પ્લાન મંજુર કરતી વખતે જે ડીપોઝીટ પ્લાન પાસ કરાવતી વખતે લેવામાં આવે છે તે ડીપોઝીટ પ્લાન પાસ કરાવનારને પાછી આપી શકે કે નહી અને પાછી ન આપી શકે તો શા માટે તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્રશ્ન માહિતી અધિકાર અધિનિયમની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતો નથી તેવી માહિતી આપેલ છે. જે અંગે અરજદારે અપીલના આધાર મુદ્દા નં.૨ તરીકે માહિતી શા માટે આપવામાં આવેલ નથી અથવા જે વિભાગને લાગે તે વિભાગમાં શા માટે ન મોકલી માટે જે વિભાગને લાગે છે તે વિભાગને મોકલી માહિતી આપવી. કારણ માહિતીના કાયદામાં માહિતી આપવાની જોગવાઈ છે. ડીપોઝીટ પ્લાન પાસ કરાવનારને પાછી આપી શકે કે નહી અને ન આપી શકે તો શા માટે? તે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા ''શા માટે '' ની માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) પ્લાન મંજુર કરાવતી વખતે સુરત મહાનગરપાલિકા જરૂરી ડીપોઝીટ ભરવામાં આવે છે તે પરત મેળવવા માટે બીપીએમસી એકટની કલમ જણાવવી અને ડીપોઝીટ ન આપી શકે તે માટે પણ બીપીએમસી એકટની કલમ જણાવવી ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લાન મંજુર કરાવતી વખતે ડીપોઝીટ પરત મેળવતી વખતે બીપી એમસી એકટની કલમનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેવી માહિતી પૂરી પાડેલ છે. જે અંગે અરજદારે અપીલના આધાર મુદ્દા નં.૩ તરીકે પ્લાન મંજુર કરાવનાર પાસે સુમપા ડીપોઝીટ લઈ શકે છે તે પરત મેળવવા માટે બીપીએમસી એકટમાં જોગવાઈ નથી તો

પછી કલમ શા માટે જણાવવામાં આવી નથી. અને જોગવાઈ ન હોય તો પ્લાન મંજુર કરાવી મિલ્કતદાર ડીપોઝીટ ભરેલ છે તે લેવાને પરત હકદાર છે.તેવી રજૂઆત કરેલ છે. સુરત મહાનગરપાલિકાનું સંચાલન બીપીએમસી એકટની કલમ મુજબ ચાલે છે એ જોગવાઈ મુજબ સુરત મહાનગરપાલિકા ડીપોઝીટ લેવાને હકદાર નથી તેવી રજૂઆત અરજદારે અપીલ તબકકે કરેલ છે.

આમ અરજદારે તા.૬–૧૦–૦૯ ની અપીલ અરજીમાં માહિતીનો જવાબ તદ્દન ખોટો તેમજ સંતોષકારક નથી તેવું જણાવેલ છે.

અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૧ ની માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ તે અંગે કોઈ તકરાર નથી. મુદ્દા નં.ર અંગે જાહેર માહિતી અધિકારીએ કરેલ ઈન્કાર માહિતી અધિકાર કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ પારદર્શીતા અને જવાબદારને ઉત્તેજન આપવાના ઉદ્દેશ સાથે સુસંગત નથી. કાયદાની કલમ–૪(૧) (સી) તથા ડી થી થયેલ જોગવાઈઓ અનુસાર અગત્યની નિતીઓના ઘડતર કે જાહેર જનતાને અસરકર્તા નિર્ણયો જાહેર કરતી વેળાએ સબંધિત હકીકતો જાહેર કરવાનું તથા અસરકર્તા વ્યકિતઓને વહીવટી અને અર્ધ ન્યાયિક નિર્ણયો માટેના કારણો પૂરા પાડવાનું આદેશાત્મક ઠરાવવામાં આવેલ છે. અરજદારે માંગેલ માહિતી નાગરિક સુવિધાને સ્પર્શતી છે. અને નાગરિક અધિકારના ભાગરૂપે કલમ–૪(૧)(બી) હેઠળ આ બાબત સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં પણ સમાવેશ થાય છે. કાયદાના આમુખ ધ્વારા સુમાહિતગાર નાગરિકો અને પારદર્શિતા લોકશાહી તંત્રમાં જરૂરી હોવા પ્રત્યે પણ ભાર મુકવામાં આવેલ છે.

અરજદારે મુળ અરજીથી બીપીએમસી એકટના પરિપ્રેક્ષમાં મુદ્દા નં.૩ ની માહિતી માંગેલ છે. તેથી જાહેર માહિતી અધિકારી ધ્વારા બીપીએમસી એકટના પરિપ્રેક્ષમાં મુદ્દા નં.૩ અંગે ઈન્કાર કરેલ જણાય છે. પરંતુ મુદ્દા નં.૧ નો જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તર ધ્યાને લેતાં તેના સંદર્ભમાં સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીના ભાગરૂપે મુદ્દા નં.૩ ની માહિતી અને તેની પ્રકિયા કાયદાની જોગવાઈ મુજબ પ્રસિધ્ધ થયેલી હોવી અનુમાનિત છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.ર અને ૩ ની માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં સમાવિષ્ટ થયેલ હોય તો તે સંદર્ભે અરજદારને માહિતી આપવા અન્યથા બંને મુદ્દાઓ અંગે ડીપોઝીટ લેવાના અને મુકત કરવા અંગેની જોગવાઈઓના સંદર્ભે અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં માહિતી પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૦ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી.સેન્ટ્રલઝોન.... જાણ તથા અમલ માટે<br>
(ર) શ્રી સુરેશ એમ. પટેલ,